આરોગ્ય મંત્રાલય | શિક્ષણ મંત્રાલય

Ontario

# શાળા અને બાળ સંભાળ ના સ્થળોએ વિદ્યાર્થીઓ અને બાળકો માટેનું COVID-19 સ્ક્રીનિંગ ટૂલ

આવૃત્તિ 3 : ઓક્ટોબર 18, 2021

**વિદ્યાર્થીઓ અને બાળકોએ શાળા અથવા બાળ સંભાળ કેન્દ્રમાં જતા પહેલા દરરોજ COVID-19 માટે સ્ક્રીનિંગ કરવું આવશ્યક છે. માતા-પિતા/વાલીઓ બાળક વતી આ ભરી શકે છે.**

તારીખ (માસ-દિવસ-વર્ષ)_______________

## સ્ક્રીનિંગ માટેના સવાલો

1. **શું વિદ્યાર્થી/બાળક આમાંના કોઈ પણ લક્ષણો અત્યારે અનુભવે છે?**
અહીં આપેલા સૂચિબદ્ધ લક્ષણો COVID-19 સાથે ખૂબ જ સામાન્ય રીતે સંકળાયેલા લક્ષણો છે. જો તમને આ લક્ષણો હોય, તો તમારે બીજાથી અળગા રહેવું જોઈએ અને પરીક્ષણ કરાવી લેવું જોઈએ. કૃપયા ધ્યાન રહે કે કોવિડ-19 ના લક્ષણો ધરાવતા લોકો માટે અથવા જાણીતા કોવિડ-19 રોગીઓ સાથે થયેલા સંપર્કના કિસ્સાઓમાં રેપિડ એન્ટિજન ટેસ્ટનો ઉપયોગ કરવાનો નથી.

જે કોઈપણ બીમાર હોય અથવા નીચે જણાવેલ લક્ષણો ન હોય તે સહિતના માંદગીના કોઈપણ લક્ષણો ધરાવતા હોય, તેમણે ઘરે જ રહેવું જોઈએ અને જરૂરી લાગે તો પોતાના આરોગ્ય સંભાળ પ્રદાતા પાસેથી આકારણી કરાવી લેવી જોઈએ.

જે નવા હોય, વધુ બગડી રહ્યા હોય અને બીજા જાણીતા હોય તેવા કારણો અથવા તેમની પહેલાની અસ્વસ્થતાના સંબંધમાં ન હોય તેવા કોઈ પણ અથવા બધા ની પસંદગી કરો.

| | | |
|---|---|---|
| **તાવ અને / અથવા ઠંડી**<br>37.8 ડિગ્રી સેલ્સિયસ / 100 ડિગ્રી ફેરનહીટ અથવા તેથી વધુ તાવ અને /અથવા ઠંડી | ☐ હા | ☐ ના |
| **ખાંસી અથવા કર્કશ અવાજે થતી ખાંસી**<br>શ્વાસ લેતી વખતે સતત, સામાન્ય કરતાં વધુ, સિસોટી જેવો અવાજ (જે અસ્થમા (દમ), ચેપથી શ્વસનમાર્ગમાં અવરોધ, કે અન્ય જાણીતા કારણો અથવા અગાઉની અસ્વસ્થતા સાથે સંબંધિત ન હોય) | ☐ હા | ☐ ના |
| **હાંફ ચઢવો**<br>શ્વાસ લેવામાં તકલીફ, ઊંડા શ્વાસ લેવામાં અક્ષમ (જે અસ્થમા (દમ) કે અન્ય જાણીતા કારણો અથવા અગાઉની અસ્વસ્થતા સાથે સંબંધિત ન હોય) | ☐ હા | ☐ ના |
| **સ્વાદ અથવા સૂંઘવાની શક્તિ ગુમાવવી અથવા ઘટાડો થવો**<br>મોસમી એલર્જી, જ્ઞાનતંતુને લગતા વિકારો (ન્યુરોલોજીકલ ડિસઓર્ડર), અથવા અન્ય જાણીતા કારણો કે અસ્વસ્થતાઓ જે તેને પહેલેથી જ છે તેની સાથે સંબંધિત ન હોય | ☐ હા | ☐ ના |
| **ઉબકા, ઉલટી અને/અથવા ઝાડા**<br>ઇરિટેબલ બાવલ સિંડ્રોમ, બેચેની, માસિકને લગતી તાણ કે આંકડી (વંઠ), અથવા અન્ય જાણીતા કારણો કે અસ્વસ્થતાઓ જે તેને પહેલેથી જ છે તેની સાથે સંબંધિત ન હોય | ☐ હા | ☐ ના |

2. **શું નીચેનામાંથી કંઇ પણ વિદ્યાર્થી/બાળકને લાગુ પડે છે?**
   - તેને કોવિડ-19 વિરોધી પૂરેપૂરી રસીઓ આપવામાં આવી છે (તેમની બે ડોઝ અથવા એક ડોઝની રસી શ્રેણીના અંતિમ ડોઝને 14 કે તેથી વધુ દિવસો થયા છે)
   - છેલ્લા 90 દિવસમાં તેનો કોવિડ-19 ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો (અને ત્યાર બાદ તેને રજા આપવામાં આવી હતી)

જો"હા"પ્રશ્નો 3, 4, 5 છોડો.

આ સ્ક્રીનિંગ ફોર્મ પૂરું ભરાતું હોય ત્યારે વ્યક્તિગત આરોગ્ય માહિતી એકત્રિત કરવામાં આવતી નથી. આ પ્રશ્નનો હેતુ રસીકરણની સ્થિતિ અને ચેપના ઇતિહાસના આધારે અળગા રહેવાના ચોક્કસ સૂચનો આપવાનો જ છે.

**3. શું વિદ્યાર્થી/બાળક અત્યારે જેની સાથે રહે છે, તે વ્યક્તિને COVID-19 ના કોઈ પણ નવા લક્ષણો જણાઈ રહ્યા છે, અને/અથવા લક્ષણો જણાયા પછી પરીક્ષણના પરિણામોની રાહ જુએ છે?** ☐ હા ☐ ના

**બાળકો (18 વર્ષથી ઓછી ઉંમરના):** તાવ અને / અથવા ઠંડી, ખાંસી અથવા કર્કશ અવાજે થતી ઉધરસ, હાંફ ચઢવો, સ્વાદ અથવા સૂંઘવાની શક્તિ ગુમાવવી અથવા ઘટવી, ઉબકા, ઉલટી અને/અથવા ઝાડા

**પુખ્ત વયનાઓ: (18 વર્ષ કે તેથી વધુ ઉંમરના):** તાવ અને / અથવા ઠંડી, ખાંસી અથવા કર્કશ અવાજે થતી ઉધરસ, હાંફ ચઢવો, સ્વાદ અથવા સૂંઘવાની શક્તિ ગુમાવવી અથવા ઘટવી, થાક, સ્નાયુનો દુખાવો

જો લક્ષણો અનુભવતી વ્યક્તિએ છેલ્લા 48 કલાકમાં કોવિડ-19 ની રસી મુકાવી હોય અને તેમને માત્ર હળવો થાક, સ્નાયુઓનો દુખાવો અને/અથવા સાંધાનું દર્દ જણાતું હોય, જે રસીકરણ પછી જ શરૂ થયું હોય, તો "ના" પસંદ કરો.

**4. છેલ્લા 10 દિવસમાં, શું વિદ્યાર્થી/બાળક કોઈ એવી વ્યક્તિ કે જેને હાલમાં COVID-19 થયો હોય તેવી વ્યક્તિના "નજીકના સંપર્ક" માં આવેલ છે એવું જણાવાયું છે?** ☐ હા ☐ ના

જો જાહેર આરોગ્ય ખાતામાંથી તમને સલાહ મળી હોય કે તમારે સ્વયં-એકાંતવાસની જરૂર નથી, તો "ના" પસંદ કરો.

**5. છેલ્લા 10 દિવસોમાં, શું વિદ્યાર્થી/બાળક ને તેના સેલફોન પર COVID એલર્ટ (COVID Alert) એક્સપોઝરનું નોટિફિકેશન મળ્યું હતું?** ☐ હા ☐ ના

ત્યાર બાદ લેબ આધારિત પી.સી.આર. પરીક્ષણ (PCR test) માં જો વિદ્યાર્થી/બાળકનું નકારાત્મક પરિણામ આવ્યું હોય, તો "ના" પસંદ કરો.

**6. શું નીચેનામાંથી કંઇ પણ લાગુ પડે છે?** ☐ હા ☐ ના

- **છેલ્લા 14 દિવસમાં, વિદ્યાર્થી/બાળકે કેનેડાની બહાર મુસાફરી કરી હતી અને તેને અળગા રહેવાનું કહ્યું હતું**
- **છેલ્લા 14 દિવસમાં, વિદ્યાર્થી/બાળકે કેનેડાની બહાર મુસાફરી કરી હતી અને તેને શાળાએ/બાળ સંભાળમાં જવાની ના કહેવામાં આવી હતી**

મહેરબાની કરીને ધ્યાન રાખો કે જો બાળક/વિદ્યાર્થી નું **સંપૂર્ણ રસીકરણ** થયું ન હોય પરંતુ તેને **મુસાફરીમાં રસી મેળવેલા સાથીનો સંગાથ** મળ્યો હોવાથી સંઘીય સંસર્ગનિષેધ એટલે કે ફેડરલ ક્વોરંટાઈન થી મુક્તિ આપવામાં આવી હોય, તો પણ તેણે 14 દિવસ સુધી શાળા અથવા બાળ સંભાળમાં હાજર રહેવાનું નથી. જો આ સ્થિતિ બાળક/વિદ્યાર્થી ને લાગુ પડતી હોય તો "હા" પસંદ કરો.

**7. શું કોઈ ડૉક્ટર, આરોગ્ય સંભાળ પ્રદાતા અથવા જાહેર આરોગ્ય એકમે તમને કહ્યું છે કે વિદ્યાર્થીએ/બાળકે અત્યારે એકાંતવાસમાં રહેવું (ઘરે રહેવું) જોઈએ?** ☐ હા ☐ ના

આવી સલાહ રોગચાળો ફાટી નીકળ્યો હોય તેના અથવા રોગી સાથેના સંપર્કની જાણ થવાને કારણે આપી હોઈ શકે છે.

**8. છેલ્લા 10 દિવસોમાં, શું વિદ્યાર્થી/બાળકનું ઝડપી એન્ટિજન પરીક્ષણ અથવા ઘરે જ સ્વ-પરીક્ષણ કીટ પર સકારાત્મક પરિણામ આવ્યું હતું?** ☐ હા ☐ ના

ત્યાર બાદ લેબ આધારિત પી.સી.આર. પરીક્ષણ (PCR test) માં જો વિદ્યાર્થી/બાળકનું નેગેટિવ પરિણામ આવ્યું હોય, તો "ના" પસંદ કરો.

## સ્ક્રીનિંગ સવાલોનું પરિણામ

**! જો તમે પ્રશ્ન 1 હેઠળ સમાવિષ્ટ કોઈપણ લક્ષણો માટે "હા" માં જવાબ આપ્યો હોય, તો શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જવું નહીં.**

- વિદ્યાર્થી/બાળકે આઈસોલેટ થવું આવશ્યક છે (ઘરમાં જ રહેવું પડશે) અને ફકત પરીક્ષણ માટે કે તબીબી કટોકટી માટે જ બહાર જઈ શકાશે.
- વિદ્યાર્થી/બાળકને COVID-19 પરીક્ષણની જરૂર છે કે નહીં તેના સહિત સલાહ અથવા પરીક્ષણ મેળવવા માટે ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરો.
  - **જ્યાં સુધી વિદ્યાર્થી/બાળકના લક્ષણોના પરીક્ષણ પરિણામ નેગેટિવ ન દર્શાવે, અથવા તમારા જાહેર આરોગ્ય એકમ દ્વારા તેને રજા આપવામાં ન આવે, અથવા અન્ય બીમારીનું નિદાન ન થાય, ત્યાં સુધી તેના ભાઈ-બહેનો અથવા તમારા પરિવારના અન્ય સભ્યોએ ઘરે જ રહેવું જોઈએ. ઘરના સભ્યો જેઓએ છેલ્લા 90 દિવસોમાં COVID-19 ની સંપૂર્ણ/બંને રસીઓ મુકાવી હોય અથવા અગાઉ હકારાત્મક પરિણામ આવ્યું હોય અને પછીથી રજા અપાયેલ હોય તેમણે ઘરે રહેવાની જરૂર નથી.**
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી શાળા/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**! જો તમે પ્રશ્ન 3 નો જવાબ "હા" માં આપ્યો હોય, તો શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જવું નહીં.**

- વિદ્યાર્થી/બાળકે આઈસોલેટ થવું આવશ્યક છે (ઘરમાં જ રહેવું પડશે) અને ફકત પરીક્ષણ માટે કે તબીબી કટોકટી માટે જ બહાર જઈ શકાશે.

- જે તે વ્યક્તિના લક્ષણોના પરીક્ષણ પરિણામ જ્યારે નેગેટિવ આવે, તમારા જાહેર આરોગ્ય એકમ દ્વારા તેને રજા આપવામાં આવે, અથવા અન્ય બીમારીનું નિદાન થાય, ત્યાર પછી વિદ્યાર્થી/બાળક શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જઈ શકશે.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી શાળા/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે પ્રશ્ન 4 નો જવાબ "હા" માં આપ્યો હોય, તો શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જવું નહીં.**

- વિદ્યાર્થી/બાળકે આઈસોલેટ થવું આવશ્યક છે (ઘરમાં જ રહેવું પડશે) અને પરીક્ષણ કરાવવા કે તબીબી કટોકટી સિવાય બહાર જઈ શકાશે નહીં.
- તમારા સ્થાનિક પબ્લિક હેલ્થ યુનિટ અથવા હેલ્થ કેર પ્રોવાઇડરની બધી જ સલાહ અનુસરો, જેવી કે ક્યારે અને કયા લક્ષણોનું અવલોકન કરવું અને ક્યારે કોવિડ-19 PCR ટેસ્ટ કરાવવી તે સહિત. કૃપયા ધ્યાન રહે કે જાણીતા કોવિડ-19 રોગીઓ સાથે થયેલા સંપર્કના કિસ્સાઓમાં રેપિડ એન્ટિજન ટેસ્ટનો ઉપયોગ કરવાનો નથી.
- જ્યાં સુધી તેમનામાં કોઈ લક્ષણો ન જણાય, ત્યાં સુધી તેમનું પરીક્ષણ પરિણામ નેગેટિવ આવે તો પણ, વિદ્યાર્થી/બાળક 10 દિવસ પછી જ શાળા/બાળ સંભાળના સ્થળોએ પાછા જઈ શકે છે.
  - તેના ભાઈ-બહેનો અને પોતાના ઘરના અન્ય લોકો નિશાળે, બાળ સંભાળના સ્થળોએ અથવા કામ પર જઈ શકે છે, પરંતુ અન્ય બિનજરૂરી કારણોસર ઘર છોડવું જોઈએ નહીં. **COVID-19** નું સંપૂર્ણ રસીકરણ કરાવ્યું હોય અથવા છેલ્લા **90** દિવસોમાં હકારાત્મક પરિણામ આવ્યું હોય અને પછીથી રજા અપાયેલ હોય તેવા ઘરના સભ્યોએ ઘરે રહેવાની જરૂર નથી.
- જો વિદ્યાર્થી /બાળકમાં ઉપર આપેલી સૂચિમાંથી કોઈ પણ લક્ષણો વધતાં જણાય અથવા તેનું હકારાત્મક પરીક્ષણ થાય, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી શાળા/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે પ્રશ્ન 5 નો જવાબ "હા" માં આપ્યો હોય, તો શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જવું નહીં.**

- વિદ્યાર્થી/બાળકે આઈસોલેટ થવું આવશ્યક છે(ઘરમાં જ રહેવું પડશે) અને પરીક્ષણ કરાવવા કે તબીબી કટોકટી સિવાય બહાર જઈ શકાશે નહીં.
- તેમનું COVID-19 પરીક્ષણ કરાવવા માટે કોઈ મૂલ્યાંકન કેન્દ્રની મુલાકાત લો.
  - જો **PCR** ટેસ્ટમાં તેઓનું પરીક્ષણ નેગેટિવ જણાય (તેમને વાયરસ ન હોય), તો તેઓ શાળામાં/બાળ સંભાળ કેન્દ્રમાં પાછા આવી શકે છે.
  - જો **PCR** ટેસ્ટમાં તેનું પરીક્ષણ સકારાત્મક આવે (તેને વાયરસ હોય), તો તેમને અલગ રાખવાની જરૂર છે અને તેમને તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ દ્વારા રજા અપાયા પછી જ પાછા આવી શકે છે.
- જો તેનામાં લક્ષણો વધતાં જણાય, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
  - તેના ભાઈ-બહેન અથવા તમારા ઘરના અન્ય લોકો શાળા, બાળ સંભાળ અથવા કામ પર જઈ શકે છે, પરંતુ જ્યાં સુધી જેને **COVID** એલર્ટ મળ્યું છે તેના **PCR** ટેસ્ટમાં પરીક્ષણો નેગેટિવ ન આવે, અથવા તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ દ્વારા મંજૂરી ન મળે ત્યાં સુધી અન્ય, બિન-આવશ્યક કારણોસર ઘર છોડવું જોઈએ નહીં. સંપૂર્ણ રસીકરણ કરાવ્યું હોય અથવા છેલ્લા **90** દિવસોમાં **COVID -19** પોઝિટિવ હોય અને પછીથી રજા અપાયેલ હોય તેવા ઘરના સભ્યોએ ઘરે જ રહેવાની જરૂર નથી.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી શાળા/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે પ્રશ્ન 6 નો જવાબ "હા" માં આપ્યો હોય, તો શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જવું નહીં.**

- જેણે આંતરરાષ્ટ્રીય પ્રવાસ કર્યો હોય તેવી વ્યક્તિને લગતી સંઘીય માર્ગદર્શિકાનું વિદ્યાર્થીએ/બાળકે પાલન કરવું આવશ્યક છે, જેમાં તેના આગમન પછીના 14 દિવસ સુધી શાળાએ/બાળ સંભાળ સ્થળે ન જવું અને સંઘીય જરૂરિયાતો અનુસાર પરીક્ષણ કરાવવું શામેલ છે.
- જો વિદ્યાર્થી/બાળકને સંસર્ગનિષેધ માટે કહેવામાં આવ્યું હોય, તો તેણે 14 દિવસ સુધી ઘરે રહેવું જોઈએ અને પરીક્ષણ કરાવવા માટે અથવા તબીબી કટોકટી સિવાય ઘર છોડવું નહીં. પ્રવાસીઓ માટેની સંઘીય જરૂરિયાતો વિશે વધુ માહિતી માટે, કૃપા કરીને કેનેડા સરકારની વેબસાઇટ જુઓ.
- જો વિદ્યાર્થી/બાળકના લક્ષણો વધી જાય અને/અથવા પરીક્ષણો હકારાત્મક આવે, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી શાળા/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે પ્રશ્ન 7 નો "હા" માં જવાબ આપ્યો હોય, તો શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જવું નહીં.**

- વિદ્યાર્થી/બાળકે આઈસોલેટ થવું આવશ્યક છે (ઘરમાં જ રહેવું પડશે) અને ફકત ટેસ્ટ આપવા માટે કે તબીબી કટોકટી માટે જ બહાર જઈ શકાશે.
- જાહેર આરોગ્યની સલાહનું પાલન કરો. તમારું સ્થાનિક જાહેર આરોગ્ય એકમ પરવાનગી આપે તો જ વિદ્યાર્થી/બાળક શાળા/બાળ સંભાળ કેન્દ્રમાં પાછા ફરી શકે છે.

- જો વિદ્યાર્થી/બાળકના લક્ષણો વધી જાય તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
  - **તેના ભાઈ/બહેન અથવા તમારા ઘરના અન્ય લોકોએ જ્યાં સુધી વિદ્યાર્થી/બાળકનું નેગેટિવ પરિણામ ના આવે, અથવા તમારા જાહેર આરોગ્ય એકમ દ્વારા મંજૂરી ન મળે ત્યાં સુધી ઘરમાં જ રહેવું જોઈએ. સંપૂર્ણ રસીકરણ કરાવ્યું હોય અથવા છેલ્લા 90 દિવસોમાં COVID-19 પોઝિટિવ હોય અને પછીથી રજા અપાયેલ હોય તેવા ઘરના સભ્યોએ ઘરે રહેવાની જરૂર નથી.**
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી શાળા/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે પ્રશ્ન 8 નો "હા" માં જવાબ આપ્યો હોય, તો શાળાએ અથવા બાળ સંભાળના સ્થળોએ જવું નહીં.**

- વિદ્યાર્થી/બાળકે આઈસોલેટ થવું આવશ્યક છે (ઘરમાં જ રહેવું પડશે) અને ફકત પરીક્ષણ માટે કે તબીબી કટોકટી માટે જ બહાર જઈ શકાશે.
- તેમનું COVID-19 પરીક્ષણ કરાવવા માટે કોઈ મૂલ્યાંકન કેન્દ્રની મુલાકાત લો.
  - **જો PCR ટેસ્ટમાં તેઓનું પરીક્ષણ નેગેટિવ જણાય (તેમને વાયરસ ન હોય), તો તેઓ શાળામાં/બાળ સંભાળ કેન્દ્રમાં પાછા આવી શકે છે.**
  - **જો PCR ટેસ્ટમાં તેનું પરીક્ષણ સકારાત્મક આવે (તેને વાયરસ હોય), તો તેમને અલગ રાખવાની જરૂર છે અને તેમને તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ દ્વારા રજા અપાયા પછી જ પાછા આવી શકે છે.**
- જો તેનામાં લક્ષણો વધતાં જણાય, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- જ્યાં સુધી જેનું પરિણામ હકારાત્મક આવ્યું છે તે વ્યક્તિનું રેપિડ એંટીજન પરીક્ષણ અથવા ઘરે જ સ્વ-પરીક્ષણ કીટ પર PCR ટેસ્ટમાં નેગેટિવ પરિણામ ન આવે અથવા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ દ્વારા રજા આપવામાં ન આવે, ત્યાં સુધી તેના ભાઈ-બહેનો અથવા તમારા ઘરના અન્ય લોકોએ આઈસોલેટ થવું આવશ્યક છે. સંપૂર્ણ રસીકરણ કરાવ્યું હોય અથવા છેલ્લા 90 દિવસોમાં COVID -19 થી પોઝિટિવ હોય અને પછીથી રજા અપાયેલ હોય તેવા ઘરના સભ્યોએ ઘરે જ રહેવાની જરૂર નથી.
- આ પરિણામ વિશે તેમને જણાવવા તમારી શાળા/બાળ સંભાળ સ્થળના આરોગ્ય પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે બધા પ્રશ્નોનો "ના" માં જવાબ આપ્યો હોય, તો તમારું બાળક શાળાએ/બાળ સંભાળના સ્થળે જઈ શકે છે. આ પરિણામ વિશે કર્મચારીઓને જણાવવા માટે તમારી શાળા/બાળ સંભાળ પ્રદાતાની સ્થાપિત પ્રક્રિયા અનુસરો.**

- નિયમિત શિષ્ટાચાર મુજબ, માંદગીના કોઈપણ લક્ષણો ધરાવતા તમામ બીમાર વ્યક્તિઓએ ઘરે રહેવું જોઈએ, અને જરૂરી લાગે તો પોતાના નિયમિત આરોગ્ય સંભાળ પ્રદાતા પાસે તપાસ કરાવી લેવી જોઈએ.
- અત્યંત ગંભીર લક્ષણો ધરાવતી વ્યક્તિઓને તાત્કાલિક સંભાળની જરૂર હોય તો પોતાના સૌથી નજીકના કટોકટી વિભાગમાં જવું જોઈએ.
- જો કોઈ વ્યક્તિમાં ઉપરોક્ત યાદી સિવાયના લક્ષણો વધી રહ્યા હોય, તો જાહેર આરોગ્ય એકમ વ્યક્તિના લક્ષણો અને સંસર્ગ ઇતિહાસના મૂલ્યાંકનના આધારે પરીક્ષણ સહિતના અન્ય પગલાંઓની ભલામણ કરી શકે છે.

## જાહેર આરોગ્ય ઑન્ટેરિયો – સંસર્ગ તપાસ

**આ પ્રશ્નોના જવાબ આપવા વૈકલ્પિક છે**. આ માહિતીનો ઉપયોગ ફક્ત જાહેર આરોગ્ય અધિકારીઓ દ્વારા સંસર્ગની તપાસ માટે જ કરવામાં આવશે. તમામ માહિતી 28 દિવસમાં ડિલીટ કરી દેવામાં આવશે.

**તારીખ:** ______________________

**નામ:** ______________________

**ફોન અથવા ઇમેઇલ:** ______________________